# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૨ અંક : ૨૮૨**



પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર,

વ્યક્તિગત જીવનમાં આગળ વધવું હોય કે દેશને આગળ વધવું હોય તો જાહેર જનતાને પણ શિસ્ત (ડિસીપ્લીન) જાળવવી બહુ જરૂરી છે.

વ્યક્તિગત જીવનમાં આપણે જોશું તો અમુક વ્યક્તિઓ ટોટલી અવ્યવસ્થિત હોય છે. તેની રહેણી કરણી ઘરમાં કે બહાર, ઓફિસમાં કે જાહેરમાં, દરેક ક્ષેત્રમાં ગેરશિસ્ત ભરેલી હોય છે. આને કારણે તે પોતે પણ આગળ નથી વધી શકતો તેમજ બીજાને પણ બાધારૂપ બને છે, એટલુંજ નહીં ક્યારેક તે પોતાને પણ નુકશાન પહોંચાડે છે અને બીજાને પણ હાની પહોંચાડે છે. એક સાધારણ ઉદાહરણ તરીકે ટ્રાફીક સીગ્નલ ઉપર લાલ લાઈટ હોવા છતાં સીગ્નલ તોડી વાહન ચલાવતા અકસ્માત થવાની શક્યતા ભારોભાર હોય-પોતાને પણ ઈજા પહોંચે છે તેમજ વાહનને પણ નુકશાન થાય છે તેવીજ રીતે સામે પક્ષે પણ તકલિફ પહોંચે છે.

શિસ્તતા જાળવવા માટે ઉત્તમ ઉદાહરણ છે સૈનિકોનો. સેનામાં દાખલ થતાજ તેમને શિસ્ત જાળવવા કડક નિયમોનું પાલન કરવું પડે છે. જંગ જીતવા માટે સેનામાં ડિસીપ્લીનની મહત્વતા આપણે જાણીએ છીએ. ઈતિહાસમાં ડોકિયું કરશું તો જાણશું કે બ્રિટીશ લોકોએ આપણ દેશ ઉપર ૨૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. ફક્ત ભારત ઉપર નહીં દુનિયાના નાના મોટા મળીને આસરે ૭૨ જેટલા દેશો પર તેણે રાજ્ય કર્યું. કારણ, તેમની પાસે એક કડક શિસ્ત બધ્ધ સેના હતી જે બીજા કોઈ દેશ પાસે ન હતી.

જો શક્તિશાળી બનવું હોય તો વ્યક્તિગત જીવનમાં કે જાહેરજીવનમાં શિસ્તબદ્ધ બનવું અને રહેવું જરૂરી છે.

**ઝાડ વાવો હરીયાલી લાવો....**



## માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

**સફળતા ની સાથે સંઘર્ષ ખતમ થઈ જવો ન જોઈએ**
**સંઘર્ષ વગર ક્યારેય સફળતા મળતી નથી અને**
**સતત સંઘર્ષ વગર ક્યારેય સફળતા ટકતી પણ નથી**

શિક્ષણ, વ્યવસાય અને જોબ્સ માટેના ઘણા નવા વિકલ્પો ઉપલબ્ધ થઈ રહેલ છે, સમય અનુસાર પરિવર્તન લાવી દરેક ક્ષેત્રમાં આગળ વધવાની તક ઝડપી લઈ, ધાર્યા લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

તા. ૧૨ જાન્યુઆરી મહિલા સમિતિ આયોજીત કાર્યક્રમ ખૂબજ સફળ રહેલ, સંચાલીકાશ્રી અને એમના સાથી કાર્યકર્તાઓને અભિનંદન.

તા. ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસ નિમિત્તે શાન્તિ પ્રાયમરી સ્કુલ મધ્યે પ્રમુખ શ્રી કિર્તીભાઈ કાપડીયાના વરદ હસ્તે ધ્વજ વંદન નું કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ.

માનવ મિત્ર સમિતિ દ્વારા વેજબાઈ બાલ નિવાસ આશ્રમ મધ્યે ધ્વજવંદન સાથે વિવિધ હરિફાઈઓનું આયોજન આશ્રમનાં બાળકો માટે યોજવામાં આવેલ, પ્રમુખ શ્રી કિર્તીભાઈ કાપડીયાના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવેલ. માનવમિત્ર અને મુઠીભર અનાજના સર્વ કાર્યકર્તાઓને અભિનંદન.

આ માસ દરમ્યાન હેલ્થ કેર સમિતિ દ્વારા પ્રતિમા હોસ્પીટલના સહયોગથી મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમા ૧૫૦ મેમ્બરનું કેમ્પ માટે રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે. સંચાલક શ્રી ને અભિનંદન.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસ દરમ્યાન સમાજમાં લગ્ન સરા તથા અન્ય ધાર્મીક અને માંગલીક પ્રસંગો ઉજવાયા, ભવનનો લાભ ઘણા મેમ્બર પરિવારોએ લીધેલ. મંડળની પ્રવૃત્તિઓ પણ સફળતા પૂર્વક યોજાઈ રહેલ છે. સાથે કારોબારી સમિતિના દરેક સભ્યો પોતાનું કાર્યક્ષેત્ર સફળતા પુર્વક સંભાળી રહેલ છે અને પોતાના અમુલ્ય સમયનું યોગદાન આપી રહેલ છે.

ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમ્યાન ભવનબુકીંગ સ્તર સારા પ્રમાણમાં જળવાઈ રહેલ છે.

ભવનના બે જુના કર્મચારીની તબીયત નાદુરસ્ત રહેતા, કર્મચારીની તકલીફ અવાર નવાર થઈ રહેલ છે. છતા હાજર કર્મચારી વર્ગ થી કાર્ય પુર્ણ કરવામાં આવી રહેલ છે.

આ માસ દરમ્યાન નીચે મુજબનું અનુદાન મંડળને પ્રાપ્ત થયેલ છે. દાતા પરિવારોનું આભાર

રૂા. ૧૧,૦૦૦/- માતૃશ્રી પ્રભાવતીબેન ચીમનલાલ ગાલા પરિવાર શિક્ષણ સહાય માટે

રૂા. ૫,૧૦૦/- શ્રી ચંદ્રકાંત મોતા અને શ્રી આશીત મુલજી પટેલ પરિવાર તરફથી જનરલ ડોનેશન મળેલ છે.

## સંસ્થા સમાચાર

ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ફ્રી આય ચેક અપ કેમ્પ તા. ૧૫-૨-૨૦૧૯ થી ૨૮-૨-૨૦૧૯ સુધી રાખવામાં આવેલ છે. તા. ૧૦-૨-૨૦૧૯ થી તા. ૧૪-૨-૨૦૧૯ સુધી શ્રી કચ્છી ભવનમાં સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ સુધી રજીસ્ટ્રેશન કરવામાં આવશે. સર્વે ભાઈ બહેનોએ લાભ લેવા વિનંતી.

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જીનેન્દ્ર,

આજના સમયમાં વધારે પૈસા કમાવાની આશામાં, જીવનમાં સફળતા મેળવવાની દોડમાં, લોકો ભાગતા જ રહે છે ભાગતા જ રહે છે. ઘણીવાર ધારેલ ધ્યેયનો પીછો કરતા અણધારેલ જંજાળમાં ફસાઈ જઈએ છીએ. સમય જતા ભુલાઈ જાય છે કે ખરેખર આપણે શું પામવા ભાગી રહ્યા હતા. આપણા જીવનનો મુખ્ય ધ્યેય શું હતો ? કદાચ આપણે ઓછું પામ્યા હોત અને વધારે સમય આપણને પ્રિય હોય તે બાબત કરી હોત, પોતાના શોખ પુરા કર્યા હોત તો આપણને વધારે ખુશી મળી હોત કે કેમ ?

આપણે જે કંઈ કરીએ છીએ તે જીવનમાં ખુશી પામવા, હેપ્પીનેસ પામવા માટે જ કરીએ છીએ. ઘણા લોકો કડી મહેનત કરી કમાવા માટે એ કાર્ય કરે છે જે તેમને ગમતા નથી. બીજા ઉપર પ્રભાવ પાડવા એવી ચીજો ખરીદે છે જેની તેમને જરૂરત નથી. ફક્ત કમાવામાં કે તમે ઈચ્છો છો તે વસ્તુ મેળવવામાં આપણને ખુશી નથી મળતી, તે બધી ક્ષણિક ખુશી છે, તે બહારી છે. એ વાત સાચી છે કે આપણે જે મેળવીએ તે સફળતાની નિશાની છે પણ ખુશી મેળવવા હેપ્પીનેસ પામવા જે આપીએ તેથી જ તે મળે છે.

## જાહે ખબર માટે ખાસ સુચના

નિયાપોમાં જે કોઈ ભાઈ બહેનો જાહેર ખબર આપતા હોય તેમને ખાસ વિનંતી કે જાહેર ખબરની મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસિદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ ચંદ્રપ્રભા ગ્રાફિક્સમાં આપવી નહીં

નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી 'નિયાપો' ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારિખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારિખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો.

– સંપાદકો

## NIYAPO - Revised Adervisement-Rates (Effective from 1-10-2018)

### COLOUR

| | | Monthly Rates | Annual Rates |
|---|---|---|---|
| * 1) | Last Cover Page (Outside) | Rs. 3200/- | Rs. 35200/- |
| * 2) | Second Page (Inside) | Rs. 2800/- | Rs. 30800/- |
| * 3) | Last Page (Inside) | Rs. 2800/- | Rs. 30800/- |
| 4) | Pin Page | Rs. 2500/- | |

### BLACK & WHITE

| | | Monthly Rates | Annual Rates |
|---|---|---|---|
| * 5) | Full Page | Rs. 850/- | Rs. 9350/- |
| 6) | Half Page | Rs. 500/- | |
| 7) | Quater Page | Rs. 200/- | |
| 8) | Strip | Rs. 100/- | |

Note : If any person gives advertisement for 12 months in advance, only 11 months payment will be collected. this concession is allowed in item No. 1,2,3 & 5 only marked. (*)

# શાંતિવન સમિતિ

સંચાલક: હંસકુમાર રાયચંદ સાંયલા
ફોન. ૯૨૪૬૫ ૩૨૫૪૫

We are very glad to announce that the "Shantivan Samthi" of Shri Kutchi Mitra Mandal is organising one day picnic for the members at "Kulcharam Digamber Jain Temple" Jogipet, Dist. Medak on Thrusday 21st March, i.e. Dhuleti.
The charges are Rs. 200 per person. Departure from Kutchi Bhavan at Sharp 7.00 am.

**Distribution of Tickets at Kutchi Bhavan from 10th March 2019.**
**Limited Seats : 1st comes 1st Basis.**

સહર્ષ જણાવવાનું કે શાંતિવાન સમિતિ શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ રજુ કરે છે

## એક દિવસીય પર્યટન દિવસ

ગુરૂવાર, તા. ૨૧ માર્ચ ૨૦૧૯ (ધુળેટી)
સ્થાન : કુલચારામ દિગમ્બર જૈન મંદિર, જોગીપેટ, મેદક ડિસ્ટ્રિક્ટ
ટિકીટ દર : રૂપિયા ૨૦૦/-
પ્રસ્થાન : કચ્છી ભવન, રામકોટ થી સવારના ઠીક ૭ વાગે
ટિકીટ વિતરણ : તા. ૧૦ માર્ચ કચ્છી ભવનથી મર્યાદિત સભ્યો. (વહેલો તે પહેલો ના ધોરણે.)

વિશેષ માં 31st Night ના અહેવાલમાં શરતચૂકથી અમુક વિગત રહી ગયેલ છે. સ્ટેજ ડેકોરેશન ના સ્પોન્સર હતા શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રવીણ ગાલા તથા સુંદર સંચાલન કરી કાર્યક્રમમાં ચાર ચાંદ લગાડનારા હતા કુ. નેહા કિરણ સંઘોઈ તથા એક ડ્રોપની સુંદર ડિઝાઈન બનાવી હતી અતુલ સાયલાએ.

# મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫

કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતી આયોજીત સંક્રાંતી સ્પેશલ તંબોલો આપણે સૌએ માણ્યો. આ કાર્યક્રમમાં બોલીવુડ તંબોલો રમીને તથા રેડ, બ્લેક અને વ્હાઈટ કલરની થીમ સાથે બધાએ ઉલ્લાસપુર્વક ભાગ લીધેલ.

આ કાર્યક્રમમાં ૩૦૦ બહેનોએ ભાગ લીધો. ચોવિહારની વ્યવસ્થા રાખેલ હતી. આ કાર્યક્રમમાં ૮૦ જેટલી બહેનોને પ્રાઈઝ આપવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સ્પોનર્સનું યોગાદન હતું. સૌને ખૂબ ખૂબ આભાર. અલ્પાહારની વ્યવસ્થા રાખેલ હતી.

**SPONSORS**

**Mrs. Nirmalaben Vasantlal Dedhia (Sri Shanti Suppliers)**
**• Pratap Jadeja • Paras Agencies • Vishal Cut Piece**
**• Bombay Bags & Novelties • Happy Moments • Well Wishers**
**• Bhagini Bhushan • Fast Food Factory • Perfect Ply Packs**
**• Heena Jadeja • Shah's Mukhwas • Pooja Sarees.**

**TEAM**

**Darshana Savla**
**Sweta Jadeja - Karishma Mota, Kusum Rambhia - Bhavya Gosar**

# મહિલા સમિતિ

સંચાલિકા : દર્શના સાવલા
ફોન : ૯૦૩૦૧ ૧૪૫૪૫

## "Women's Day Special"

**ચાલો સૌ તૈયાર થઈ જાઓ ધમાલ, મસ્તી અને આઉટિંગ કરવા**

**સોમવાર, તા. ૪-૩-૨૦૧૯ સવારના ૧૧.૦૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી**

**સ્થળ : ધોલા-રી-ધાની**

**તા. ૨૦-૨-૨૦૧૯ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.**

૧) ફક્ત ૧૫ વર્ષ ઉપરની મહિલાઓ માટેજ.
૨) રજીસ્ટ્રેશન ફી રૂા. ૨૦૦/- જે રિફન્ડેબલ રહેશે.
૩) ફોન થી રજીસ્ટ્રેશન કરવામાં નહી આવે.
૪) વ્યક્તી દીઠ રૂા. ૨૦૦/- નામ સાથે નારાયણગુડા ડ્રેસલેન્ડમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
૫) તા. ૨૦-૨-૨૦૧૯ પછી રજીસ્ટ્રેશન થશે નહીં.
૬) કોઈ પણ કારણથી નહી આવી શકો તો પૈસા રિફન્ડ આપવામાં નહી આવે જેની ખાસ નોંધ લેશો.

**નોંધ : લંચ તથા હાઈ-ટીની વ્યવસ્થા છે.**

**Sp. Attraction : "BIGG BOSS" ગેમ રમાડવામાં આવશે.**

**સંપર્ક : દર્શના પંક્તિ સાવલા - ૯૦૩૦૧૧૪૫૪૫**



# નવદંપત્તિને હાર્દિક વધાઈ સહ આશિર્વાદ



**ચિ. જીતભક્તિ વિજય જેઠાભાઈ ધરમશી**

(કોઠારા - હૈદરાબાદ)

**ચિ. પ્રશાંત મહેન્દ્ર શામજી નાગડા**

(નલિયા - વડોદરા)

તા. ૧૮-૧-૨૦૧૯ ના રેશમના ગાંઠે બંધાઈ
નવા ભવિષ્ય તરફ પ્રભુતામાં પગલા માંડ્યા.

આ શુભ અવસર પર માતુશ્રી લીલાવંતીબેન જેઠાભાઈ ધરમશી પરિવારનું
જ્ઞાતિ મહાજન તરફથી ખીર-વધાઈ
રૂા. ૫૦૦૦/- નું અનુદાન શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદને
પ્રવૃત્તિઓ વિસ્તારાર્થે અર્પણ કરેલ છે. જે બદલ ખૂબ-ખૂબ આભાર સહ અનુમોદના.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, હૈદરાબાદ**

**ધનપત લાલજી મોતા** - પ્રમુખ **હિરેન મુલજી પટેલ (રાજુભાઈ)** - માનદ્ મંત્રી

સર્વે કારોબારી સમીતી તથા સભ્યોના જયજીનેન્દ્ર

(જા. ખ.)

KE Estd. 1980
किरण इलेक्ट्रोनिक्स | કિરણ ઈલેકટ્રોનિકસ
9394 55 8636
www.kiranelectronicshyd.com

INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS

040-2475 2518
संघवी ब्रदर्स | સંઘવી બ્રધર્સ
Website: www.sanghvibrothershyd.com
Estd:1979

(જા. ખ.)

# SHOP FOR SALE

**Ameerpet, D.K. Road**

Running Kirana and General Store

**Contact : 93988 21936, 88851 77353**

(જા. ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : લહેરચંદ ટોકરશી લોડાયા
ફોન : ૯૨૪૬૫ ૩૧૦૬૬

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે તા. ૨૬-૧-૨૦૧૯ ના ગણતંત્ર દિવસે ધ્વજવંદનનું આયોજન વેજબાઈ બાલભવન, શિવરામપલ્લી મધ્યે રાખેલ. ધ્વજવંદન આપણા સમાજના પ્રમુખશ્રી કિર્તીભાઈ કાપડીયા દ્વારા થયેલ જેમાં શ્રી ચીલ્ડ્રન એઈડ સોસાયટી સંચાલક શ્રી દેવચંદભાઈ ગાલા, શ્રી હગ્ગે, શ્રી જોષી, ટ્રસ્ટી શ્રી હરિલાલ સાવલા માનવમિત્ર સમિતિના સંચાલક શ્રી હિતેનભાઈ સંઘોઈ તથા શ્રી દિપક માલદે તેમજ માનવમિત્ર સમિતિ અને મૂઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ-બહેનોની હાજરીથી ધ્વજવંદનો કાર્યક્રમ સારી રીતે સંપન્ન થયું. આશ્રમના ૧૦૦ બાળકો તથા સંચાલકો એ પણ ભાગ લીધેલ.

તા. ૨૦-૧-૨૦૧૯ ના દિવસે મુઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ-બહેનો વેજબાઈ બાલભવનમાં જઈને આશ્રમના બાળકોને ગ્રુપ ડાન્સ. ટ્રેજર હન્ટ તથા અન્ય રમતગમત કરાવેલ અને અલ્પાહારની વ્યવસ્થા પણ કરેલ.

તા. ૨૬-૧-૨૦૧૯ ના ધ્વજવંદનના કાર્યક્રમ બાદ શ્રી કીર્તીભાઈ કાપડીયા, શ્રી દેવચંદભાઈ ગાલા, શ્રી ધાગે, શ્રી જોષીએ ગણતંત્ર ઉપલક્ષમાં બે શબ્દો કહેલ. ત્યારબાદ આશ્રમના બાળ-બાળકીઓએ ફેન્સી ડ્રેસ, તથા ચાર ગ્રુપ ડાન્સ કરેલ. મૂઠીભર અનાજ યોજના વોલીન્ટરમાં શ્રી કરન ગાલા તથા સૌરભ દીલીપ દેઢીયાએ ગ્રુપ ડાન્સ, દેયોતી હીતેશ ગાલા, દિવોશ જૈન, દિશા હિતેશ ગાલાએ ગ્રુપ ડાન્સ કરેલ. આ સર્વે કાર્યક્રમ બહુજ સફળ રહ્યા. પ્રાઈસ ડીસ્ટ્રીબ્યુટશનમાં ૩ બેસ્ટ ફેન્સી ડ્રેસ એક સ્પેશીયલ પ્રાઈઝ , એક સોલો સીંગીંગ તથા ૧૧૨ પ્રાઈસ દરેક પાર્ટીસીપેશનને પણ વિતરણ કરવામાં આવ્યા. તેમાં ટ્રેઝર હંટ તથા ગ્રુપ રમત ગમત ના પણ બાળકો હતા. કાર્યક્રમ પુરૂ થયા પછી આવેલ સર્વે મહેમાનો ત્થા આશ્રમના બાળકોને સ્વરૂચિ જમણ આપવામાં આવ્યું.

ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા નીચે મુજબના સખી દાતાઓનો ખુબ ખુભ આભાર. તેમના સહકાર વગર આ કાર્યક્રમ સફળ ન બનત.

**દાતાઓનું નામ - આભાર**

૧) તા. ૨૦-૧-૨૦૧૯ ના નાસ્તા માટે જૈનીલ પંકજ દેઢીયા
૨) બપોરના સ્વરૂચી ભોજન માટે શ્રી મહેન્દ્ર નાગડા નો તેમના પૌત્રના જન્મદિન નિમીત્તે.
૩) કેક શ્રી કુનાલ હરીયા તરફથી
૪) ફેન્સી ડ્રેસ તથા સ્પોર્ટસ દિવસ માટે ગીફ્ટના સ્પોન્સર શ્રી હરેશ દેઢિયા
૫) રૂા. ૫૦૦૦/- રોકડા શ્રી હરિલાલ નિસર તરફથી તેમના પુત્ર ની પુણ્યતિથી નિમિત્તે શ્રી રાજેષ હરિલાલ નિસર.
૬) બોર્ડ રમત માટે નેહલ ભારત સાવલા અને શ્રી પદમ હરીયા તરફથી
૭) પાણીના બોટલ સર્વ આશ્રમના બાળકો માટે - મે. વિશાલ એન્ટરપ્રાઈઝસ તરફથી
૮) ૫૦ કીલો દાળ તથા ૨૫ કીલો ચોખા - એક સદ્ગ્રહસ્થ તરફથી

ઉપરોક્ત સર્વ દાતાઓનો આભાર.

Contd....

**આપનાર દાનની નોંધ**

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. એક ઓટો | ડાયાલીસીસ (એકના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| દેવેન મણિલાલ ધરોડ ૨૫મી પુણ્ય તિથી નિમિત્તે | ૨૫૦ | ૨૫૦ | - | - | - | - |
| પંકજ વેલજી નંદુ | ૧૧૦૦ | ૧૧૦૦ | ૨ | ૧૧૦૦ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| કાન્તાબેન વિશનજી મોમાયા | ૫૦૦ | ૫૦૦ | ૧ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| એક સદ્ગ્રહસ્ તરફથી | - | - | ૧ | - | - | - |
| સ્વ. ચંદ્રાબેન સાવલા પુણ્ય તિથી મિમિત્તે | - | - | ૨ | - | - | - |
| સ્વ. લેખાબેન એસ. ગાલા પરિવાર | ૫૦૦ | - | ૨ | - | ૫૦૦ | ૫૦૦ |

## સાધન સામગ્રી સમિતિ

સંચાલક : મણીલાલ રામજી ધરોડ
૯૩૯૧૦ ૦૨૬૬૯

**ખાસ વિનંતી : સાધન સામગ્રી લઈ જવા તથા પાછી આપવાનો સમય સવારના ૯.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો રહેશે. જેની નોંધ લેશો.**

**Wanted full time Cook & Manager** (Trained / Untrained)
**at Fast Food Factory Cafe @ Begumpet.**
**Please Contact :**
**Ankit Vora - 90000 11775, Nilesh Savla - 98493 40161**
(જા.ખ.)

DEEPAK MAVJI DHAROD — Cell : 98490 53458
**BHAVANA TOURS & TRAVELS**
RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27
(જા.ખ.)


દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઈમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે
સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા.ખ.)

## SHANTI PRIMAY SCHOOL

સંચાલક: હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧ ૦૧૦૧૦

**Curricular activities and Celebrations :**

In the first week of January children were busy writing their Formative Assessment Exam which concluded on 10th January.

On the occasion of Sankranti, a portion of the school was transformed into a village which showed a hut, farm and a cow tied near the hut to explain the importance of harvest festival. Rangoli competition was conducted for the students of class I to V.

70th Republic day was celebrated in the school on 26th January with great pride and honour. President Sri Kirti Kumar Tokarshi Kapadia hoisted the flag. Other guest of honours were Sri Dirgesh Nisar, Sri Manilal Dharod, Smt. Vasanti A. Shah, Mr. Ankit Vora and Smt. Vijaya Kirti Kumar Kapadia.

Speeches were given by students of Class III & IV in English, Hindi and Telugu Languages. A patriotic dance was performed by the tiny tots of U.K.G. Class. A parade of Bhasha Sangam was performed by the students wherein the children in their traditional dressing conversed in different Indian languages covering almot 13 states depicting Unity in Diversity.

Sri Kirti Kumar Kapadia encouraged the students and shared his views on the occasion. Sweets were distributed to all the students and teachers.

In order to make travel an integral part of education the students of class L.K.G. to class V were taken to Golconda Fort on 1st February.

Master Umang Ramesh Mota donated story books as an additional asset to our school library. The school is thankful to him for this gesture.

## પત્રપેટી

In the Mahila Samiti Tambola Programme the Concept of event was very innovative, everyone was having blast and we have throughly enjoyed it. Sanchalika Darshanaben did a fabulous job of making it fun filled and excited till the end. What a pleasure... a big round of applause and many thanks to the organizing committee and everyone who was involved in making this possible.

Cheers !!!! Can't wait to see everyone again.

Radha Gala

---

## જીવન ચક્ર

| | |
|---|---|
| પુત્રી જન્મ | બીજલ ગૌરવ રમેશ ગાલા |
| મરણ નોંધ | શ્રી પંકજ વેલજી નંઢુ, ગામ : કપાયા, હૈદરાબાદ (ચક્ષુદાન કરેલ છે) |
| Change of No. | KUSUM DEVJI MOTA : 63013 31636, 93930 85755 |

# શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ

તરફથી આયોજીત

# FREE EYE CHECKUP CAMP

## AT VASAN EYE HOSPITAL

કેમ્પ માટેનું રજીસ્ટ્રેશન તા. ૧૦-૨-૨૦૧૯ થી તા. ૧૪-૨-૨૦૧૯ સુધી શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ સુધી કરવામાં આવશે.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પંકજ વલ્લભજી સાવલા - ૯૩૯૪૫ ૫૩૧૫૪ / ૮૦૯૯૯ ૬૬૬૬૫

(૧) હીતેન સંઘોઈ - ૯૮૪૯૧ ૬૪૨૨૧ (૨) હર્ષદ ધરોડ - ૯૩૯૪૭ ૬૩૬૩૧

રજીસ્ટ્રેશન વખતે રૂા. ૫૦/- ડીપોઝીટ લેવામાં આવશે જે Testing ના દિવસે પાછી આપવામાં આવશે. જે વ્યક્તિ રજીસ્ટ્રેશન કર્યાબાદ Testing માટે નહીં આવે તેમને ડીપોઝીટ પાછી આપવામાં નહીં આવે. તેમજ Testing માટે નિર્ધારિત દિવસમાં ફેરફાર કરવામાં નહી આવે. રોજના ૧૫ જણનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

**કેમ્પ : તા. ૧૫-૨-૨૦૧૯ થી તા. ૨૮-૨-૨૦૧૯ સુધી સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી રહેશે.**

કેમ્પ એડ્રેસ : **VASAN EYE CARE,** 3-6-611, Street No. 8, Himayat Nagar, Hyderabad. Ph : 040 - 2764 9999

CONTACT NO. AT CAMP :
15TH FEBRUARY TO 28TH FEBRUARY FROM 9.30 AM TO 11.30 AM

(૧) પંકજ વલ્લભજી સાવલા - ૯૩૯૪૫ ૫૩૧૫૪ / ૮૦૯૯૯ ૬૬૬૬૫
(૨) દેવચંદ ગાલા - ૯૩૪૬૭ ૮૪૦૮૫
(૩) હર્ષદ ધરોડ - ૯૩૯૪૭ ૬૩૬૩૧
(૪) લીના છેડા - ૯૦૧૦૦ ૨૮૩૪૦

નોંધ : જરૂરીયાતમંદોને ચશ્મા ફ્રી બનાવી આપવામાં આવશે.

(જા. ખ.)

Sponsors

# SRI DUNGARSHI RAVJI MARU CHARITABLE TRUST, Hyderabad-TS.

## Free Eye Check up Camp @ Vasan Eye Hospital

**Registration for the camp will start from 10th to 14th of February 2019.**
**At Shri Kutchhi Bhavan, Eden Bagh, Ramkote, Hyderabad. (9.30 am to 10.30 am)**

FOR REGISTRATION CONTACT :
**PANKAJ VALLABHJI SAVLA**
**93945 53154 / 80999 66665**
**Hiten Sanghoi - 98491 64221 or Harshad Dharod : 93947 63631**

While Registration Deposit of Rs. 50/- will be collected and will be refunded on the day of testing, Deposit Amount will not be refunded if person does not turn up for Testing Day. And the testing date assigned will not be changed.

**15 PATIENTS WILL BE REGISTERED PER DAY.**
**Camp will start from 15th to 28th February 2019 - 9.30 am to 11.30 am**

Camp Address :

**VASAN EYE CARE**

**3-6-611, Street No. 8, Himayat Nagar, Hyderabad - 500 029. Ph : 8328496823**

**Contact Nos. at Camp Venue : 15th to 28th February 2019 from 9.30 am till 11.30 am**

**Pankaj Vallabhji Savla : 93945 53154 / 80999 66665**
**Devchand Gala : 93467 84085,**
**Harshad Dharod : 93947 63631, Leena Chheda : 90100 28340**

Following Tests will be done free of Cost

1) **Computerized Automatic Refractive Testing.**
2) **Manual Eye Check Up on refraction Machine.**
3) **Doctor Checkup by Ophthalmologist.**
4) **Lenso Meter Testing.**
5) **Slit Lamp Examination.**
6) **Dilation & Dr. Checking by Ophthalmologist.**
7) **Counseling if Required.**

**Free Spectacles will be provided to the needy Patients**
**(Sample of Frames & Glasses will be available with Organisers at Venue)**

(જા.ખ.)

श्री मुनिसुव्रत स्वामी ने नमो नमः

# श्री मुनिसुव्रत स्वामी नवग्रह जैन मंदिर

कुमेरा (गाँव) चेवेला मंडल, रंगारेड्डी जिल्ला (टी.एस.)

ग्यारमी वर्षगांठ ध्वजारोहण

## महासुद 13

## शनिवार दि.16-2-2019

**प्रातः 09-30 बजे सतरबेदी पूजा**

**प्रातः 10-45 बजे ध्वजारोहण**

श्री संघ को भावभरा आमंत्रण

जिन शासन रागी प्रिय साधर्मिक बंधु जनो.......................................

जय जिनेन्द्र के साथ सुचित किया जाता है, समस्त जैन समाज के अचार्य भगवंतो तथा साधु साध्वी भगवंतो तथा वास्तल्यमूर्ति, पुरुषार्थमूर्ति, सवा करोड नवकार मंत्र के आराधक, कच्छी समाज के लाडीले ''चैतन्यरत्न-नवग्रहरत्न'' श्री नरेन्द्रभाई रामजी नंदु के शुभ आशीर्वाद से श्री मुनिसुव्रतस्वामी जैन मंदिर तीर्थका रुप ले रहा है। विधि विधान के लिए श्री नरेन्द्रभाई रामजी नंदु मुंबई से पधारेंगे।

*श्री संघ की ओर से दोपहर* **12-30** *बजे स्वामिवात्सल्य का आयोजन रखा गया है।*

**आपको सहपरिवार पधारने का भावभरा आमंत्रण है।**

**लि. श्री मुनिसुव्रत स्वामी नवग्रह जैन मंदिर**

तीर्थ स्वरुप पुण्यधाम जैन ट्रस्ट के ट्रस्टीगण का जय जिनेन्द्र

**9849371807, 9848924564, 9849470808**

(જા.ખ.)

## માનવમિત્ર સમિતિ - વેજબાઈ બાલભવન મધ્યે ધ્વજવંદન
















## શાંતિ પ્રાઈમરી સ્કુલ - ધ્વજ વંદન કાર્યક્રમ







|| શ્રી શાંતિનાથાય નમઃ ||

|| શ્રી ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવી - વીર - મહોદયસૂરીભ્યો નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી)

કાચીગુડા નગરે શાંતિનાથ જિનપ્રાસાદે





# પ્રતિષ્ઠા પરમોત્સવે

## પ્રતિષ્ઠા ત્રિહાન્હિકા મહોત્સવ

શુભ સ્થળ : **શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ,** જૈન દેરાસર લેન, ૩-૪-૨૧૭,
કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન-૦૪૦ ૨૭૫૫ ૧૬૦૫

**સં. ૨૦૭૫ મહા સુદ પૂનમ, સોમવાર, તા. ૧૮-૨-૨૦૧૯**

### આત્માનો અનહદ નાદ ગજાવતો પ્રથમ દિવસ



સવારના ૮.૩૦ સ્નાત્ર પૂજા
(મંડળની બહેનો દ્વારા ભણાવવા માં આવશે)
સવારના ૧૦.૩૦ કલાકે કુંભસ્થાપના :
માતુશ્રી પુરબાઈ વસનજી મેઘજી હરિયા પરિવાર, શેરડી-કચ્છ
સવારના ૧૧.૦૦ કલાકે અખંડ દીપક સ્થાપના :
શ્રીમતી માધુરીબેન રમેશચંદ્ર હરિયા પરિવાર ગંજબાસોદા, સાભરાઇ કચ્છ
સવારના ૧૧.૧૫ જવારારોપણ :
કુંવારી કન્યાઓ દ્વારા
સવારના ૧૧.૧૫ ક્ષેત્રપાલ પૂજન :
માતુશ્રી રાજબાઈ લીલાધર નાગડા પરિવાર વરંડી મોટી-કચ્છ
બપોરના ૧૨.૦૦ નવગ્રહ પાટલા પૂજન :
શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ નાગડા પરિવાર વરંડી મોટી
બપોરના ૧.૩૦ દશદિક્પાલ પાટલા પૂજન :
શ્રીમતી ભાવનાબેન વિનોદ ધરમશી પરિવાર સુથરી
બપોરના ૨.૩૦ અષ્ટમંગલ પાટલા પૂજન :
શ્રીમતી સંગીતાબેન સુભાષભાઈ લલવાણી પરિવાર
બપોરના ૩.૦૦ લઘુ નંદાવર્ત પૂજન :
માતુશ્રી પુષ્પાબેન કેશવલાલ ધનજી સંઘવી પરિવાર (કચ્છ-મુંદ્રા)

સવારે ૮.૦૦ કલાકે નવકારશી, બપોરે ૧૨.૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય,
સાંજે ૫.૦૦ કલાકે ચોવિહાર, રાત્રે ૮.૦૦ કલાકે ભક્તિ ભાવના

**સં. ૨૦૭૫ મહા વદ એકમ, મંગળવાર, તા. ૧૯-૨-૨૦૧૯**

### દેવ-ગુરૂના ગુણવૈભવ ને બતાવતો બીજો દિવસ

આજે છે પ્રભુના અઢાર અભિષેક, પધારજો રાખી સૌ વિવેક

સવારના ૭.૩૦ સ્નાત્ર પૂજા
સવારના ૯.૦૦ શ્રી ૧૮ અભિષેક
બપોરે ૨.૦૦ શ્રી પંચતિથિ પંચ કલ્યાણક પૂજા
(મંડળની બહેનો દ્વારા ભણાવવા માં આવશે)



બપોરે ૧૨.૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય, રાત્રે ૮.૦૦ કલાકે ભક્તિ ભાવના

## સંવત ૨૦૭૫ મહા વદ બીજ, બુધવાર, તા. ૨૦-૨-૨૦૧૯

### તત્વત્રયીની શ્રધ્ધાને વધારતો ત્રીજો દિવસ

**સવારના ૬.૦૦ કલાકે પ્રતિષ્ઠાની તૈયારી**

શ્રી શાંતિનાથ ભગવાન પ્રતિષ્ઠાના લાભાર્થી
**શ્રીમતી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા પરિવાર, વરાડીયા**

શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાન પ્રતિષ્ઠાના લાભાર્થી
**શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ જેવત નાગડા પરિવાર, વરંડી મોટી**

શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન પ્રતિષ્ઠાના લાભાર્થી
**શ્રીમતી ઉર્મીલાબેન પોપટલાલ કેશવજી છેડા પરિવાર, ગોધરા**

સંવત ૨૦૫૭ માં નીચે મુજબના પ્રભુજીની પ્રતિષ્ઠા કરાવનાર પરિવારોને
આ વખતની પ્રતિષ્ઠા કરાવવાનો લાભ આપવામાં આવેલ છે.

જુના મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુજી
**માતુશ્રી પુરબાઈ વિશનજી મેઘજી હરિયા પરિવાર (શેરડી કચ્છ)**

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી
**માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર (નવાવાસ કચ્છ)**

શ્રી અલૌકિક પાર્શ્વનાથ પ્રભુજી
**માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણિયા પરિવાર (મેરાઉ કચ્છ)**

શ્રી મહાવીર સ્વામી પ્રભુજી
**માતુશ્રી જવેરબેન કુંવરજી વિશનજી ધરોડ પરિવાર (પત્રી કચ્છ)**

શ્રી સિમંધર સ્વામી પ્રભુજી
**માતુશ્રી હીરાબાઈ દામજી જીવરાજ નાગડા પરિવાર (વરંડી મોટી કચ્છ)**

**૯.૦૦ કલાકે - શ્રી લઘુ શાંતિ સ્નાત્ર પૂજન**

સવારે ૮ કલાકે નવકારશી, બપોરે ૧૨ કલાકે સ્વામિવાત્સલ્ય, રાત્રે ૮ કલાકે ભક્તિ ભાવના

## મહા વદ ત્રીજ, ગુરૂવાર, તા. ૨૧-૨-૨૦૧૯

**સવારના શુભમુહૂર્તે દ્વાર ઉદ્‌ઘાટન અને નવકારશી**

## મહા વદ સાતમ, સોમવાર, તા. ૨૫-૨-૨૦૧૯

**સવારના ૮.૩૦ કલાકે-શ્રી સતરભેદી પૂજા તેમજ ધ્વજા અને પ્રભુ સંવેદના, બપોરે-સ્વામિવાત્સલ્ય**

### લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) વતી,

| | | |
|---|---|---|
| દામજી જીવરાજ નાગડા<br>ચેરમેન | રમણીક લીલાધર નાગડા<br>વાઈસ ચેરમેન | પોપટલાલ કેશવજી છેડા<br>મેનેજિંગ ટ્રસ્ટી |
| હેમાંગ મણીકાંત મોમાયા<br>સહ મેનેજિંગ ટ્રસ્ટી | શાંતિલાલ ખીમજી મામણીયા<br>ખજાનચી | તલકશી ભાણજી ગડા<br>સહ ખજાનચી |

તથા ટ્રસ્ટીગણ ધનજી લખમશી સાવલા, શશિકાંત દામજી નાગડા, વિજય દામજી નાગડા ના જય જિનેન્દ્ર

(હ.મ.)

## મહિલા સમિતિ - તંબોલા કાર્યક્રમની ઝલક



## શાંતિ પ્રાઈમરી સ્કૂલ - ધ્વજ વંદન કાર્યક્રમ



# હરપલ મિઠાસ... હોમ મેડ સ્વિટ્સ

## સ્પેશ્યાલીસ્ટ ઈન મીની સાટા

| | |
|---|---|
| ✓ અડદીયા પાક | ✓ ચુરમા લાડૂ |
| ✓ મોહન થાળ | ✓ શાહી લાડૂ |
| ✓ ફીણીયા લાડૂ | ✓ ખજુર રોસ |
| ✓ ગોળીયા લાડૂ | ✓ ડીંક લાડૂ |
| ✓ ગોળપાપડી | ✓ શિંગદાણા લાડૂ |
| ✓ ગુંદર પાક | ✓ રવા લાડૂ |
| ✓ ઓટ્સ લાડૂ | ✓ બેસન લાડૂ |

Contact : **RUPAL H. SAVLA**

Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad

**Ph : 81064 59594**

(જા. ખ.)



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ.)



# ભાવભરી શ્રધ્ધાંજલી

અમારા પિતાશ્રી પંકજ વેલજી નંદુના અવસાન સમયે અંતીમ યાત્રા તથા પ્રાર્થના સભા માટે માનવ મિત્રના સભ્યોએ અમારા પરિવારને મદદ કરી તે બદલ માનવ મિત્ર સમિતીનો અમારો પરિવાર આભાર માને છે.

**શ્રી પંકજ વેલજી નંદુ**

ગામ કપાયા, હાલે સીકંદરાબાદ
દેહ ધારણ ૩-૨-૧૯૫૩
દેહ પરિવર્તન ૧૧-૧-૨૦૧૯
ચક્ષુદાન કરેલ છે

માતુશ્રી કસ્તુરબેન વેલજી નંદુ પરિવાર
(કપાયા)

માતુશ્રી લક્ષ્મીબેન દેવજી
પોલડિયા પરિવાર (તલવાણા)

(જા.ખ.)


# RUDHAV BOUTIQUE

**સોચો તમે સાકાર કરીશુ અમે નવા રૂપમાં આપની સમક્ષ આવી રહ્યો છે.**

**આજના ફેશન મુજબ સગાઈ રીંગ ટ્રે, શણગારેલો નારિયેલ, ગીફ્ટ પેકીંગ, તેમજ લગ્ન માટેની છાબ પૈકિંગ અને ટ્રે અને ડોલી ભાડાથી મળશે.**

**"RUDHAV BOUTIQUE"**

**સાથે સાથે ડીઝાઈનર સાડીઓ, બ્લાઉજ, ડ્રેસેસ, ચણીયા ચોલી સ્ટીચીંગ સાથે મેચિંગ હેંગીંગ, બંગડીયો, બટવા, મોબાઈલ કવર. મોતીની પર્સ, ઓર્ડર પ્રમાણે કરી આપશું.**

(જા.ખ.)

Contact : **MADHURI M. HENIYA**

**99516 45020**

।। કુલદેવી શ્રી સચ્ચા માતાય નમઃ ।।

# ગડા અને રાંભીયા ભાવિકોની પહેડી

સવિનય જણાવવાનું કે ગડા અને રાંભીયા નુખનાં શ્રી સચ્ચા માતાજી ને નમતા સર્વે ભાવિકોની પહેડી રવિવાર તા. ૧૭-૦૨-૨૦૧૯ ના સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ શુભ પ્રસંગે ગડા અને રાંભીયા નૂખના સર્વે ભાવીકોને સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| **માતાજીનું સામૈયુ તથા સ્થાપના** | **૯.૩૦ કલાકે** |
| **માતાજીના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા** | **૧૦.૦૦ કલાકથી** |
| **ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી** | **૧૨.૦૦ કલાકે** |
| **માતાજીને પ્રસાદ થાળ જુવારવાનું** | **૧૨.૧૫ કલાકે** |
| **માતાજીની આરતી** | **૧૨.૩૯ કલાકે** |
| **માતાજીની પ્રસાદી (પ્રિતી ભોજ)** | **૧.૦૦ કલાકે** |

## ગડા અને રાંભીયા ભાવિક સંઘ - હૈદરાબાદ

**ના જયજિનેન્દ્ર**

**નોંધ : ૧) કાળા વસ્ત્રો ન પહેરવાની વિનંતી.**

**૨) ગડા અને રાંભીયા પરિવારની નિયાણી બહેનોને નામ લખાવવા માટે સંપર્ક**

| | |
|---|---|
| **રાજેશ ખીમજી ગડા** | **પંકજ ચીમનલાલ રાંભીયા** |
| **૭૩૨૯૮ ૭૨૫૬૦** | **૯૨૪૬૫ ૩૮૬૦૦** |

**શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.**

(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)

ફીણીયા લાડુ

નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)

અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)

ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)

ઓટસ મખાના લાડુ

ગોળ પાપડી

ગોળીયા લાડુ

કોકોનેટ બિસ્કીટ

સાંગલીના ભડંગ

શીંગદાણાની ચટણી

સિકંદરના ખારી સીંગ

સિકંદરના ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર

**સ્પેશીયલ ખાખરા : મસાલા ખાખરા મેથી મસાલા ખાખરા ચોરાફળી ખાખરા સાદા ખાખરા, ઘી ખાખરા, મઠના ખાખરા**

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

**PRAVIN CHHEDA**

**89857 59320, 82477 89295**

(જા.ખ.)

# વિવિધા

## શું ડોક્ટરોમાં દયા નો અભાવ થતો જાય છે ? સીક્કાની બે બાજુ

**લેખક : અજ્ઞાની મહેન્દ્ર વોરા**

પ્રિયવાંચકો, નવું વર્ષ આપ સર્વે ને શાંતિમય ને શારીરિક રીતે સ્વાસ્થ્યમય નિવડો તેવી મંગલકામના.

શારીરીક રીતે ને અંડરલાઈન એટલા માટે કે આજ આપણે એ બાબત ચર્ચા કરવાના છીએ... હમણાં આપણે જોઈ રહ્યા છીએ કે દિવસે દિવસે બિમારીઓ વધતી જાય છે. ઉંમર નો કોઈ બાધ નથી નાના મોટા સૌ કોઈને કંઈ પણ રોગ અચાનક લાગૂ પડી જાય છે, આવા સંજોગો માં હોસ્પીટાલો, ડોક્ટરો ને વિવિધ ટેસ્ટીંગો નો સીલસીલો ચાલૂ થઈ જાય છે.

એક સમય એવો હતો કે ટેસ્ટીંગો ની ભાગ્યેજ જરૂર પડતી. મોટા ભાગે ડોક્ટરો આપણને શું થાય છે ? તેના પર થી રોગ ને પારખી લેતા ને સાધારણ તાવ-શરદી ખાંસીની દવા ત્યાં દવાખાનામાંજ આપી દેતાં. પણ હવે તો મામુલી બીમારીયોની દવાએ ડોક્ટરો નથી આપતાં. મેડીકલ સ્ટોરમાંજ લેવી પડે છે ને ટેસ્ટ લખી આપે તે ફરજિયાત કરાવવી પડે છે, એ વીના નિદાન નથી થતો કારણ કે આજકાલ નાની બિમારીઓ માંથી ક્યારે મોટા રોગ લાગુ પડી જાય છે તે ખબર નથી પડતી. હવે વાત કરીએ ડોકટરોની, ડોક્ટરોને ભગવાન નો બીજો રૂપ અથવા દેવદૂત માનવામાં આવે છે, કુદરતે તો આ દેહ આપ્યો પણ એમાં જ્યારે કોઈ વ્યાધી થાય છે ત્યારે ડોક્ટરના દ્વારે જવા સિવાય છુટકો નથી, બસ અહીંથીજ કસોટી શરૂ થાય છે.

આપણી ઘણી સામાજીક ને ધાર્મિક સંસ્થાઓ દવાખાના ચલાવે છે. જ્યાં એકદમ નજીવી ફી લઈને દવા આપવામાં આવે છે. કેટલી ઉચ્ચ ભાવનાથી માનવ સેવા કરવામાં આવે છે. વળી ઘણી સંસ્થાઓમાં તો શહેરના નામાંકિત ને સ્પેશીયાલીસ્ટ ડોક્ટરની સેવા લેવામાં આવે છે જે ખરેખર સરાહનીય છે. પણ હવે ધીમે ધીમે દૃશ્ય બદલાતું જાય છે ને સેવાની આડમાં સ્વાર્થ વધતો જાય છે. જ્યાં ડોક્ટરો સેવા આપવા આવતા હોય છે. ત્યાં સમયસર આવતાં નથી અથવા ધ્યાન આપતા નથી ને દર્દીઓને બહાના બતાવે છે કે અહીં ટેસ્ટીંગો ના રિપોર્ટ બરોબર આવતાં નથી માટે હું લખી આપું છું. ત્યાં ટેસ્ટીંગો કરાવી ને બતાવો જેથી નિદાન બરોબર થાય ને મારા દવાખાને આવીને બતાવો ને આ રીતે પોતાનો ધંધો વધારતા જાય છે. પણ હદ તો ત્યારે થાય કે જરા પ્રખ્યાત થતા જાય ને ફી માં ધરખમ વધારો કરતાં જાય ને જે ગોળીઓ લખી આપે તેનાથી ફરક ન પડે તો બીજીવાર દવા ગોળીઓ બીજી લખી આપે તેથી પહેલાની અડધી દવાઓ નકામી થઈ જાય જેના પૈસા પાણી માં જાય...

મારા સ્વજનને અસાધ્ય રોગ હતો જેની સારવાર અમે ઠેક ઠેકાણે કરાવતા ને નિદાન માટે રિપોર્ટ કરાવીએ ત્યારે બેત્રણ ડૉક્ટરોની સલાહ લેતાં એમાં એક મુંબઈના નામાંકિત ડોક્ટરની સલાહ પણ લેતાં જેની એપોંઈટ મેન્ટ માંડ માંડ મળતી ને મુશ્કીલ થી દસ મિનીટ રિપોર્ટ જોતાં ને તેની ફી હતી રૂા. ૨૫૦૦ થી ૩૦૦૦ તે પણ આગળ માટે સલાહ જ આપતો પોતે બન્ને પગે અપંગ છતાં આખી દુનિયામાં એની ખ્યાતિ, વળી પરિવાર પણ નહીં, તો ઘણીવાર વિચાર થાય આપણા રૂપીયાનો એ શું કરતો હશે ? કેટલો લોભ ? વળી .. એવું પણ નથી હજી પણ ઘણા સેવાભાવી ડોક્ટરો હોય છે પણ તે આંગળી ના વેઢે ઘણાય એટલાજ. હવે તો

ત્રણ ચાર ડોક્ટરોની ટીમ હોય છે જે ને હોસ્પીટલ રાખે છે ને બદલામાં વાર્ષિક ટારગેટ માંગે છે. જેથી હોસ્પીટલ ની નામના ને આવક થાય... ને આ ડોક્ટરો કેમ્પો માં જઈને ઘરાક શોધી લાવે છે. આ બાબત હવે સામાન્ય થઈ ગઈ છે. વળી હોસ્પીટલ ને ડોક્ટરો વચ્ચે કંઈ મતભેદ થાય કે થોડા સમયે ડૉક્ટરોની ટીમ બીજી હોસ્પીટલમાં ચાલી જાય અથવા પોતાની હોસ્પીટલ શરૂ કરી દે. વિચાર એ જ આવે કે જે ડૉક્ટરો હોસ્પીટલ ને વફાદાર નથી રહેતાં તે દર્દી ની કેટલી ચિંતા કરશે ? તેમાં તમારો મેડીક્લેમ કેટલાનો છે તે રકમ જાણી ને તે પ્રમાણેજ બીલ બને ને એનાથી થોડી ઘણી વધારે રકમ ખંખેરીને તમને ઘરે રજા મળે... એકાદ માળની હોસ્પીટલ બે ત્રણ વર્ષમાં ચાર પાંચ માળ ની ફાઈવ સ્ટાર હોટેલ જેવી તૈયાર થઈ જાય છે. કેવો રોકડીઓ ધંધો ને આમ છતાં થોડા થોડા સમયે હોસ્પીટલોના બેદરકારીના કિસ્સાઓ છાપે ચડતાજ હોય છે.

એક સમય એવો હતો જ્યારે મામુલી ડોક્ટરો પણ દર્દી ની સાચી સેવા કરતાં નબળી સ્થિતિ વાળા પાસે ફી પણ ન લેતા ને નાના ગામડાઓમાં વિઝીટે જતાં. હવે તો દર્દી ઉઠવા પણ અશક્ત હોય છતાં ડોક્ટર ઘેર વિઝીટ આવતાંજ નથી વળી બહાના કાંઢે કે ઘેર તો કંઈ સાધન ન હોય.. દવાખાને લાવો તો જ સાધનો દ્વારા એમનો નિદાન કરી ઈલાજ થઈ શકે આવા સંજોગોમાં કુટુમ્બીજનોની હાલત ખરાબ થઈ જાય છે. ડોક્ટરોજ દયાભાવ રાખી દર્દીને ખર્ચાના ખાડામાં ન ઉતારવા જોઈયે કારણકે દર્દીની ફી કરતાં પણ એની દૂઆથી ડોક્ટરોને જીવનમાં શાંતિ મળશે.

હવે તો દવાઓમાં પણ ભેળસેળ ને નકલી માલ આવે છે એ વિશે ફરી કોઈવાર.





વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો...

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો (જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

Pick up & Drop

# CHERIAN NATIONAL

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road, Nampally, Hyderabad Cell : 98495 84518, 80084 55467

(જા. ખ.૬-૨૦૧૬)

।। શ્રી મામલ માતાજીને નમઃ ।।

# દેઢીયા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ.......

સવિનય જણાવવાનું કે દેઢીયા નુખના મામલ માતાજીને નમતાં ભાવિકોની સમુહ પહેડી તા. ૩-૩-૨૦૧૯ ને રવિવાર સવારનાં ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

આ પ્રસંગે સર્વે ભાવિકોને સહ પરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે. આ શુભ પ્રસંગે ભુવા શ્રી રમણીકભાઈ મુંબઈથી પધારશે. નવા આવેલ ભાવિકો તથા નિયાણી બહેનોએ પોતાના નામ નીચે જણાવેલ ભાઈઓ પાસે લખાવવા વિનંતી.

અન્ય માહિતી માટે સંપર્ક

હરેશ હેમરાજ દેઢીયા : ૯૨૪૬૧ ૯૪૪૦૫, નીલગીરીસ : ૯૨૪૬૨ ૦૨૧૨૦

**નોંધ : કાળા વસ્ત્રો પહેરી આવવું નહીં.**

(ક.જ.)


# નવકાર સ્ટોર્સ (ઉંઝાવાલા)

ઊંઝા નુ પ્રખ્યાત મશીન ક્લીન :

**જીરૂ, વરીયાળી, સુવા, તલ, અલસી, મેથી, રાઈ, હીંગ,**

**ધાણા દાળ, અજમો તથા ધાણા વગેરે મળશે.**

**સેકેલી સુવા, વરીયાળી, તલ ના ઓર્ડર લેવામાં આવશે.**

**હળદર મરચું ધાણા પાવડર અને ખાખરા મળશે.**

સ્થળ : ચૈતન્ય પુરી જૈન મંદિરની સામે, મારૂતિનગર, કોતાપેટ, હૈદ્રાબાદ

ફોન : અરૂણા ધરમશી - ૭૦૧૩૬ ૯૦૧૨૭

નરેશ ધરમશી - ૯૯૧૩૯ ૭૨૮૦૦, ૭૯૯૦૮ ૭૪૫૯૪

(ક.જ.)

**NAVKAR STORES (Unjhawala)**

Unjha's Famous Machine Clean Spices:

Opp. Jain Temple, Chaitanyapuri, Maruti Nagar, Kothapet, Hyderabad.

Ph : Aruna Dharamshi - 70136 90127, Naresh Dharamshi - 99139 72800, 79908 74594


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સકસેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 2967 4007/8/9

# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

Answers to the last Month's Quiz : -

(A) 1) Cochin 2) Oaty 3) Nainital
4) Delhi 5) Dolatpur
6) Mangalore 7) Solapur 8) Chennai
9) Gujarat 10) Bombay
11) Kanyakumari 12) Indore

(B)

| | | |
|---|---|---|
| 6 | 1 | 8 |
| 7 | 5 | 3 |
| 2 | 9 | 4 |

The persons who have given correct answers are :

Aarti Nitin Satra
Aruna V. Shah
Ashit Gala
Avani Kalpesh Chheda
Bharat Karani
Chandrika Savla
Dipti Atul Sayla
Dhanvi Arun Mota
Dhrupti Himeshkumar Dedhia
Geeta Hanskumar Sayla
Heena Vijay Dedhia
Heena Vipul Gala
Hiloni Dhaval Shah
Harsha Dedhia
Jasmine Darshan Vora
Jayshree Bhavesh Gala
Jayant M. Vora
Jayshree Pujara
Jaini Kaushik Maiseri
Kalpana Sanghoi
Kalpana Mehta
Keval Savla
Mili Hasit Rana
Mayank A. Pasad
Mittal Piyush Shah

(Contd.) on Next Page

QUIZ FOR THE MONTH

(A) In our daily life, we use several abbreviations not knowing the full form. Some abbreviations are given below. Write full form against them, take photo & send by whatsup

CIA : Central Investigative Agency
DOB :
KYE :
WFO :
SPCA :
IPL :
MNC :
NGO :
NOC :
NRI :
RAC :
PNR :
RBI :
IIT :
FDI :
IAS :
FIR :
LOC :
EVM :
LIC :

(B) ઉખાણાનો જવાબ આપો ?
જે બનાવે છે
એને એની જરૂરત નથી
જે ખરીદે છે
તે એ વાપરતો નથી
જે વાપરે છે
તે આ વસ્તુ જોઈ નથી શકતો
બોલો આ વસ્તુ કઈ છે ?

from Previous Page

Nirali Nimit Shah
Narmada J. Shah
Neev M. Furia
Nehal Bharat Savla
Neena Dharod
Navin Chandra Maru
Priti Pankaj Savla
Prachi Mayur Visaria
Prachi Dedhia
Pragna Mehta
Riddan Chheda
Rita Mukesh Lapasiya
Shubhan D. Shah
Shilpa Lalka
Shaili Mayur Solanki
Swayam Vora
Susheela Kapadia
Uma Jethwe
Vinod J. Shah
Vaishali Kumar Dedhia

# Donate Eyes - Live Twice

For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Printing
CHANDRAPRABHA GRAPHICS
Paras Ramesh Jagirdar 66680780, 40047999, 99499 81999
(જા.ખ.)

abha
be gorgeous
Ladies Beauty Parlour & Makeup Studio
by Bhavini Patel
Address : 3-4-58/2, Opp. Raghavendra Temple,
Kachiguda, Hyderabad - 500 027. Ph : 99081 83870
(જા.ખ.)

ગજાનંદ ઈન્ડસ્ટ્રીસ નિઝામબાદના નવા ચોખા આવેલ છે.
સોના મસૂરી, કોલમ, આંબામોર, ઈટલી રાઈસ, બ્રાઉન રાઈસ,
લો પોલીસ, ચોખા મળશે.
શ્રીજી ટ્રેડર્સ : ૩-૩-૮૬૫, કાચીગુડા, પિલ્લર નં. ૧૪ની બાજુની ગલી,
બીગ બજારની સામેની ગલી, આર્યસમાજ મંદિરની સામેની લેન, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭.
સંપર્ક : ૨૪૬૫ ૭૫૮૪, ૯૮૪૯૧ ૭૪૧૧૬
(જા.ખ.)

# SHIPS ACADEMY / CONCEPT CLASSES

SHIPS

FOR **CMA & CA**

SRI HARITHA INSTITUE OF PROFESSIONAL STUDIES

## EXCLUSIVE CMA & CA COACHING

The Best

Coaching | Material | Result

**CMA**

FOUNDATION

INTER | FINAL

**CA**

CPT / FOUNDATION

IPCC / INTERMEDIATE

- EXCLUSIVE CHAPTER WISE TEST SERIES & GRAND TEST WITH MCQ'S PRACTICE
- Concept based teaching / Experienced and committed faculty at one place
- Class notes will be provided based on Work Book form / Timely completion of portion
- A/C class rooms & Study hours & library facility available after class time
- CA-CPT Batch from 18-03-2019 for June 2019 Exam
- CA-INTER / IPCC from 11-02-2019 for May/Nov 2019 Exam
- CMA-INTER Group i /ii from 25-02-2019 for June 2019 Exam

## Contact Us !

+91 40 2765 5300, +91 98495 65300

shipsacademycma@gmail.com

2-1-133/2, B.M.R. Complex, Adj. to Fever Hospital Lane,
NALLAKUNTA, Hyderabad.

(જા.ખ.)



શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર, કાચીગુડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. તેલંગાના. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫ ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવાર ના કાચીગુડાથી શ્રી મેડચલ ૭૨ જીનાલય માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ માત્ર રૂા. ૫૦/- છે તથા બસના લાભાર્થી નો નકરો છે. રૂપિયા ૫૧૦૦/- હૈદરાબાદ સીકંદરાબાદમાં અતિલોકપ્રીય બનેલ આ સંઘમાં જોડાવવા ફક્ત જૈનોજ નથી પણ જૈનેતર પણ ઘણા ઉત્સાહી થઈને યાત્રાનો લાભ લઈ રહ્યા છે. બહારગામથી આવનાર મહેમાનો પોતાનો હૈદરાબાદ આવવાનો કાર્યક્રમ આ યાત્રા નો લાભ લઈ શકે એવી રીતે ગોઠવીને આવે છે. તથા સ્થાનિક લોકો પણ પોતાના બહારગામના મહેમાનોને આ યાત્રાનો લાભ મળે એવી રીતે હૈદરાબાદ ભ્રમણ નું કાર્યક્રમ ગોઠવી આપે છે.

રવિવાર તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૧૯ ના શ્રી સંઘે કુલચારામ (જોગીપેટ મેદક) નો કાર્યક્રમ આયોજીત કરેલ. એકબસ ના યાત્રીકોએ આયોજન નું લાભ લીધેલ. બસના લાભાર્થી હતા ડોમ્બીવલીના શ્રી પંકજભાઈ વેલજી દેઢીયા તથા શ્રીમતી પ્રેમલતાબેન લોઢા દેરાસર ના દર્શનના સાથે મેદકનું સુપ્રસિદ્ધ ચર્ચ જોવાનો પણ લાભ લીધેલ. મેડચલ તીર્થ ક્ષેત્રે ગોશાળામાં ૨૭ ગાયો છે. દર મહિને ૧૦૦૦/- રૂપિયા ભરી એક ગાય દત્તક લઈ શકે છે. હમણા સુધી છ ગાયો દતક લેવામાં આવી છે. સંઘનો લક્ષ્ય છે. સર્વે ગાયો શ્રી સંઘવતી દતક લેવામાં આવે. જે કોઈને લાભ લેવું હોય કૃપયા સંચાલકશ્રી ને સંપર્ક કરે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ
હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(જા. ખ.)

શ્રી મેડચલ તીર્થ યાત્રાના કાયમી સંઘપતી
માતુશ્રી ઉષાબેન પ્રતાપરાય કપાસી હસ્તે એમના સુપુત્રો
માતુશ્રી ગુલાબબેન કસ્તુરચંદ હસ્તે શ્રી સુભાષભાઈ ખંડોર
ઉર્વીબેન હસ્તે શ્રીમતી નીલાબેન નલીન ખારા પરિવાર
માતુશ્રી શાંતાબેન હિરજી કાનજી ગોસર હસ્તે શ્રીમતી કુસુમબેન સુરેશચંદ્ર ગોસર
માતુશ્રી કમલાબેન હેમચંદ શાહ કલકતા વાલા હસ્તે શ્રી વિકાસભાઈ શાહ